NCS Code: 3431.0100, CCode: A08

# ફોટોગ્રાફર

ફોટોગ્રાફર એક એવા વ્યાવસાયિક છે જે કેમેરા વડે તસ્વીરો કે ફોટોગ્રાફ લેવામાં કુશળ હોય છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમે સર્જનાત્મક વ્યક્તિ છો
- તમે નાની નાની વિગતોનું બારીકાઈથી અવલોકન કરી શકો છો.
- તમે સ્વતંત્ર રીતે કામ કરી શકો છો

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૬૫,૦૦૦ થી ૫,૦૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે).

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈ પણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. ફોટોગ્રાફીમાં સ્નાતકની ડિગ્રી મેળવો. **અથવા**

ફોટોગ્રાફીમાં ડિપ્લોમા પૂર્ણ કરો. **અથવા**

મીડિયા સ્ટડીઝ/ફોટોગ્રાફીમાં બી.વોકેશનલ અભ્યાસક્રમ પૂર્ણ કરો અને પછી ફોટોગ્રાફીમાં પી.જી. ડિપ્લોમા કરવાનું પસંદ કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

* અહી આપલે આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

અનુભવના આધારે એક ફોટોગ્રાફરની માસિક આવક લગભગ **રૂ. ૧૫,૦૦૦ થી ૭૦,૦૦૦** જેટલી અથવા તેથી વધુ હોય શકે છે.*

સ્રોત: bit.ly/3kswEOt

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** મીડિયા હાઉસ, મનોરંજન ઉદ્યોગ, વેડિંગ કન્સલ્ટન્સી અને ફોટો સ્ટુડિયો.

**ઉદ્યોગ સાહસિકતાઃ** તમે ફ્રીલાન્સ ફોટોગ્રાફર બનવાનું અથવા તમારો પોતાનો વ્યવસાય શરૂ કરવાનું પસંદ કરી શકો છો

**કાર્યસ્થળનું વાતાવરણઃ** આ વ્યવસાયમાં તમારે ઇનડોર અને આઉટડોર કામ કરવાનું બની શકે છે. અંશકાલિન (પાર્ટ-ટાઇમ), ફ્રિલાન્સર તેમજ કરાર આધારિત રોજગાર ઉપલબ્ધ હોઇ શકે છે. આવશ્યકતા અનુસાર કામના કલાકો કે દિવસો લવચીક હોઈ શકે છે. તમારે રજાના દિવસોમાં કે સપ્તાહના અંતના દિવસોમાં કામ કરવું પડી શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

તાલીમાર્થી/આસિસ્ટન્ટ ફોટોગ્રાફર → ફોટોગ્રાફર, જનરલ → ડાયરેક્ટર ઓફ ફોટોગ્રાફી → ફોટોગ્રાફર હેડ → ચીફ/ જનરલ મેનેજર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ફોટોગ્રાફર, ફોટો જર્નાલિસ્ટ, ફેશન ફોટોગ્રાફર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**પર્ફોર્મિંગ આર્ટસ વિભાગ દ્વારા અનેકવિધ સંબંધિત અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

### સરકારી સંસ્થાઓ

૧. ઓસ્માનિયા યુનિવર્સિટી, હૈદરાબાદ
૨. દિલ્હી કોલેજ ઓફ ફોટોગ્રાફી
૩. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફોટોગ્રાફી, કોલકાતા
૪. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઇન, અમદાવાદ
૫. જવાહરલાલ નેહરુ આર્કિટેક્ચર એન્ડ ફાઈન આર્ટ્સ યુનિવર્સિટી, હૈદરાબાદ
૬. એમએસયુ, વડોદરા
૭. અલ્હાબાદ યુનિવર્સિટી, અલ્હાબાદ
૮. તિલક મહારાષ્ટ્ર વિદ્યાપીઠ, પુણે

### ખાનગી સંસ્થાઓ

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)
૧. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૨. લાઈટ એન્ડ લાઈફ એકેડેમી (P.G. ડિપ્લોમા ઓફર કરે છે), ઊટી
૩. એજે કિડવાઈ માસ કોમ્યુનિકેશન રિસર્ચ સેન્ટર, નવી દિલ્હી
૪. એશિયન એકેડમી ઓફ ફિલ્મ એન્ડ ટેલિવિઝન, નોઈડા
૫. સી.એમ.આર. યુનિવર્સિટી, બેંગલુરૂ
૬. હિન્દુસ્તાન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી એન્ડ સાયન્સ (એચ.આઈ.ટી.એસ.), ચેન્નાઈ
૭. જયપુર નેશનલ યુનિવર્સિટી, જયપુર
૮. આર.આઈ.એમ.ટી. યુનિવર્સિટી, ગોબિંદગઢ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

### ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ

ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (ઇગ્નુ)

### ઓનલાઈન અભ્યાસક્રમો

- NPTEL* સ્વયમ: https://swayam.gov.in/explorer?search Text=photography
- swayam.gov.in
- www.skillindiadigital.gov.in
- www.ncs.gov.in
- mybharat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

**મને સ્કેન કરો**

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**'ભારતીય ફોટોગ્રાફીના પિતા'** તરીકે ઓળખાતા, રઘુ રાય ભારતમાં ફોટો જર્નાલિઝમના પ્રારંભિક પ્રણેતાઓ પૈકીના એક હતા, જેઓ બાંગ્લાદેશ બ્રુટાલિટીઝ (૧૯૭૧) અને ભોપાલ ગેસ ટ્રેજેડી (૧૯૮૪) જેવી વિવિધ સામાજિક-રાજકીય ઘટનાઓના દસ્તાવેજીકરણમાં તેમના યોગદાન માટે પ્રસિદ્ધ છે. ૧૯૬૨માં, તેમણે તેમના મોટા ભાઈ શરમપાલ ચૌધરી પાસેથી ફોટોગ્રાફી શીખવાનું શરૂ કર્યું, જેઓ એસ. પોલના તરીકે વધુ જાણીતા છે, અને વર્ષ ૧૯૬૫માં, ૨૩ વર્ષની ઉંમરે ફોટોગ્રાફર તરીકે તેમની સફર શરૂ કરી.*

સ્ત્રોત:https://www.purposestudios.in/post/the -world-of-raghu-rai-his-photography-life

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.